ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### બેટી બચાવવી એટલે માનવજાત બચાવવી

જે સંસ્કૃતિમાં નારીને નારાયણી સમકક્ષ ગણવામાં આવતી હોય અને કન્યાને દેવી સ્વરૂપે પૂજવાની પરંપરા હોય તે જ દેશમાં સૌથી વધુ પ્રમાણમાં કન્યા ભ્રૂણ હત્યાના કેસ નોંધાય છે. આ જઘન્ય અને રાક્ષસી કૃત્ય પાછાં ગર્ભસ્થ કન્યાનાં માતાપિતાની સંમતિથી થયા કરે છે. સરકાર ગમે તેટલા કડક કાયદા કરે તો પણ પૈસા ખાતર ડૉકટરો ચોરીછૂપીથી માનવતાને નેવે મૂકી આવા કાળાં કામ કરતા રહે છે. દરેક પરિવારને એનો પુરુષ વારસ ખપે છે, એટલે ગર્ભ પરીક્ષણ કરાવી કન્યાભ્રૂણની હત્યા કરાવતાં કોઈનું રૂવાડું પણ ફરકતું નથી. સવિશેષ આવું પાપ ઉચ્ચ વર્ણ અને ઉચ્ચ તથા મધ્યમ વર્ગના પરિવારોમાં આચરાતું જોવા મળે છે. ગરીબ માતાપિતા પાસે આવા ગર્ભ પરીક્ષણ કરાવવાની જોગવાઈ પણ નથી હોતી એમ છોકરા-છોકરીનો ભેદભાવ પણ નથી હોતો. ગુજરાતમાં ભ્રૂણ હત્યા સંપન્ન પટેલ સમુદાયમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. મહેસાણા જિલ્લામાં ઊંઝા કે ગાંધીનગર જિલ્લામાં માણસા જેવા પાટીદારોની વસતી ધરાવતા તાલુકાઓમાં સેક્સ રેશિયો સૌથી ચિંતાજનક રીતે લથડેલો જોવા મળે છે, તે એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. શહેરીવિસ્તારોમાં સ્લમ-ઝૂંપડપટ્ટીઓનો સેક્સરેશિયો સંતુલિત છે, પરંતુ ભદ્ર વિસ્તારોમાં કન્યા ભ્રૂણ હત્યાની ફૅકટરીઓ - બલકે એમને કસાઈખાનાં જ કહેવા રહ્યાં - ધમસમે છે. વરસના વચલા દહાડે કોઈ એકલદોકલ ગાયનેક ક્લિનિક કે નર્સિંગહોમ પર રેડ પાડી આવી પ્રવૃત્તિ કરનાર તબીબને રંગે હાથ પકડવાના અને એની સામે નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવાના કિસ્સા જરૂર ચોપડે ચડાવી દેવાય છે, પણ સમાજ ગંભીર ન હોય ત્યાં સુધી સરકાર આવી બાબતોમાં નક્કર પરિણામ જ ન લાવી શકે. ગુજરાતમાં નરેન્દ્ર શાસન દરમિયાન ‘બેટી બચાવો - બેટી વધાવો’ જેવો કાર્યક્રમ જોરશોરથી ચલાવવામાં આવ્યો એનું સારું પરિણામ મળ્યું છે. સેક્સ રેશિયો સુધર્યો છે. આમ એક તરફ સરકારનું પ્રોત્સાહન અને બીજી તરફ સામાજિક જાગૃતિનો સમન્વય સધાય તે દેશના ભવિષ્ય સામે ઊભો થયેલા સેક્સ સંતુલનના જોખમને મહદંશે નિવારી શકાય, એ મુદ્દો વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના વતનના અનુભવમાંથી તારવી રાષ્ટ્રીય સ્તરે લઈ ગયા હોય તો ગુજરાત માટે એ ગૌરવની જ ઘટના લેખાશે. બજેટ સત્રની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન આવા રચનાત્મક માંગલિક કાર્યક્રમને રમતો મૂકે છે તે ખરેખર આવકારવાલાયક બાબત છે. પાણીપત એ કુરુક્ષેત્રની જેમ જ ઐતિહાસિક યુદ્ધક્ષેત્ર છે. બાબર ઈ.સ. ૧૫૨૬માં પાણીપતનું યુદ્ધ જીતીને દિલ્હીમાં પ્રવેશ્યો હતો. નરેન્દ્ર મોદીએ વર્ષોથી કોંગ્રેસનો ગઢ બની રહેલ હરિયાણામાં ભાજપનો ભગવો લહેરાવીને જે વિક્રમ નોંધાવ્યો છે, એથી અનેકગણું અગત્યનું અને ભવિષ્યની દષ્ટિએ યાદગાર કાર્ય આ ‘બેટી બચાવો - બેટી પઢાવો’ વાળા રચનાત્મક સૂત્રથી સંપન્ન થશે. હરિયાણામાં પણ ગુજરાતની જેમ સેક્સ સંતુલન ચિંતાજનક હદે કથળેલું છે. તેથી આ પ્રદેશોમાંથી જ આવા કાર્યાક્રમની શરૂઆત થાય તે જરૂરી હતું. દેશના એક સો (૧૦૦) જિલ્લાઓમાં આ કાર્યક્રમ એકી સાથે હાથ ધરાશે. હરિયાણાના બાર જિલ્લાઓ ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, પશ્ચિમ બંગ અને તમિલનાડુના સેક્સ સંતુલનની દષ્ટિએ ચિંતાજનક જિલ્લાઓમાં આ રાષ્ટ્રીય ઝુંબેશ ચાલશે. દીકરીના જન્મને પ્રોત્સાહન આપવામાં આવશે અને દર વર્ષે ગામમાં ઓછામાં ઓછી બાર બાલિકાઓનાં જન્મ દિવસ ઊજવાશે. આ બાળાઓનાં બેંક ખાતા ખોલી સરકાર દ્વારા એમને પુખ્યવતે મદદરૂપ થઈ શકાય એ રીતની રકમ ફાળવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગ્રામીણ ભારતની કન્યાના કઠોર વાસ્તવની જાત માહિતી છે, કારણ કે એમનું બાળપણ ઉત્તર ગુજરાતના રૂઢિચુસ્ત વડનગર જેવા કસ્બામાં વીત્યું છે. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનપદ ધારણ કરતાંની સાથે એક પછી એક લોકકલ્યાણના રાષ્ટ્રીય કાર્યક્રમો આપવા માંડ્યા છે. મહાત્મા ગાંધીની ભૂમિનું સંતાન હોઈ એમને મહાત્માનો આત્મા પ્રસન્ન થાય એવો આધુનિક ટચવાળો સ્વદેશી કાર્યક્રમ - ‘મેક ઈન ઈન્ડિયા’ આપી ડંકો વગાડી દીધો છે, તો વળી ગાંધીજીને પ્રિય એવો સફાઈ ઝુંબેશ ચલાવીને લોકજુવાળ ઊભો કર્યો છે. ગમે કે ન ગમે, ભલભલી ‘સેલિબ્રીટી’ હાથમાં ઝાડુ પકડતી થઈ ગઈ છે. પ્રધાનમંત્રી જન-ધન-યોજના થકી ભારત સરકારની આ સિદ્ધિ ગિનેસ બુકમાં નોંધાઈ ચૂકી છે અને આ યોજના સુપેરે પાર પાડવા વડાપ્રધાન એમના વિશ્વાસુ બ્યુરોક્રેટ હસમુખ અઢિયાને લોન પર લઈ ગયા છે! ‘બેટી બચાવો - બેટી પઢાવો’ કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી અને હરિયાણાના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આગોતરી હાજરી પુરાવી આવ્યા છે. ઔપચારિક પ્રારંભ વડાપ્રધાનના વરદ હસ્તે થઈ રહ્યો છે. ત્યારે બેટીને બચાવી સમગ્ર માનવજાતના અસ્તિત્વને બચાવવાની ઝુંબેશને હૃદયપૂર્વક આવકારીએ.



જ્યોતિ મહિલા મંડળ દ્વારા સેક્ટર-૨૮ સ્થિત બાશ્રી વસંતકુંવરબા શાળામાં દેશભક્તિ ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્વે વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, રાષ્ટ્રભાવના અને શહીદો, ક્રાંતિવીરો પ્રત્યે આદર અને સન્માન ભાવ પેદા થાય તેવા શુભ આશયથી દેશભક્તિગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રોફેસર પૃથ્વીભાઈ શાહના હસ્તે વિજેતા ગ્રુપોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જ્યોતિ મહિલા મંડળ વતી લતાબેન ચોકસી અને ચેતનાબેન બુચ તરફથી આમંત્રિતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે રક્ષિતાબેન ઉપાધ્યાય અને મીનળબેન આઝાએ નિર્ણાયક તરીકેની જવાબદારી નીભાવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થા દ્વારા આ પ્રકારે જ દેશભક્તિ ગીતોની સ્પર્ધાનું આયોજન વસંતકુંવરબા શાળામાં કરવામાં આવે છે. પ્રાથમિક અને માધ્યમિક એમ ૨ વિભાગોમાં સમુહ ગીતો દેશભક્તિની સુંદર રજુઆત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય દક્ષાબેન શુક્લ અને શાળા પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## સાદરાની મહાદેવ દેસાઈ વિદ્યાલય દ્વારા સ્વામી વિવેકાનંદ સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના સાદરાના મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ સપ્તાહ તા. ૧૨મીથી ૨૦મી જાન્યુઆરી દરમ્યાન ઉજવવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન વિવિધ રચનાત્મક કાર્યો કરવામાં આવ્યા હતા. આ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ સપ્તાહનું ઉદ્‌ઘાટનમાં ઈન્ડીયન રેડક્રોસના અમદાવાદના જયેશભાઈ સોલંકીએ થેલેસેમિયા જાગરૂકતા વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

આ સપ્તાહ દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ કલ્યાણપુરા પ્રાથમિક શાળામાં સાક્ષરતા, સ્વચ્છતા, વ્યસનમુક્તિ અને વસતી શિક્ષણ જેવા વિષયોને લગતા શેરી નાટકો પ્રસ્તુત કર્યા હતા. આ શેરી નાટકોનું સંચાલન સંજય વનાણીએ કર્યું હતું. ગાંધીનગરના રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્રના રજનીભાઈ ભટ્ટે અને ડૉ. કમલેશ ઉપાધ્યાયે સ્વામી વિવેકાનંદ વિશે વ્યાખ્યાન રજુ કર્યું હતું. આ ઉપરાંત આ સપ્તાહમાં નિબંધલેખન, વક્તૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જીગ્નેશ સઠીયા, દ્વિતિય સ્થાને આકાશ રામી અને તૃતીય સ્થાને પ્રકાશ ઠાકોર તેમજ દિપ્તી લોહા વિજયી બન્યા હતા. નિબંધ સ્પર્ધાનું આયોજન ડૉ. વિજયભાઈ મકવાણાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજ સિલાવટ અને ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું.




### બાળકોએ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો

ગાંધીનગરના લેકાવાડા ખાતેની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના ધો. ૫ થી ૯ ના વિદ્યાર્થીઓએ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. વન વિભાગ દ્વારા આયોજિત આ શિબિરમાં બાળકોને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત કરાવાઈ હતી. જેમાં વિવિધ પ્રકારની વનસ્પતિ, જંગલી પ્રાણીઓ, પક્ષીઓ વિશેની ઓળખ કરાવવા સહિત તંબુમાં રાત્રી રોકાણ અને કેમ્પ ફાયરની વ્યવસ્થા કરાઈ હતી. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા નાટક, ગીત તથા ક્વીઝ કોમ્પીટીશન કરવામાં આવી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતની બેઠક યોજાઈ

ગાંધીનગરના ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને આમંત્રિત કારોબારી સભ્ય નટવરલાલ જાદવના નિવાસસ્થાને સે-૨૪માં તા. ૨૦મી જાન્યુઆરીએ યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર ‘દધિ’ દ્વારા ગત સભાની કાર્યવાહી નોંધનું વાંચન કરાયું હતું. જેને સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

બેઠકમાં રાજયના નાણામંત્રી સૌરભભાઈ પટેલને સંસ્થાનું પ્રતિનિધિ મંડળ મળ્યું હતું અને અનુસૂચિત જાતિ પેટા યોજના અંગેના ભાવિ અંગે ચિંતા વ્યકત કરી હતી તેની રજૂઆત કરવામાં આવી હતી. રાઈટ ટુ એજયુકેશનના અમલ માટે જિલ્લા શિક્ષણાધિકારીને મળવા અને સંસ્થાના કાર્યકારી પ્રમુખ જગદીપ વાઘેલાના નોડ એજન્સીના સૂચન સહિતના પ્રશ્નોની ચર્ચા માટે તા. ૨૭મી જાન્યુઆરીએ મળવાનું ઠરાવાયું હતું. પ્રમુખ દ્વારા વાઈબ્રન્ટ ૨૦૧૫ના લેખાં જોખા રજુ કરાયા હતા.

### વક્તૃત્વ સ્પર્ધામાં જે.બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

મગોડીના નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર તાલુકાના ‘સંસ્કાર વર્ધક’ વક્તૃત્વ અને નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં પટેલ જીનલ ઘનશ્યામભાઈએ પ્રથમ નંબર મેળવી રૂ. ૫૦૦ અને પ્રજાપતિ પ્રવર મનુભાઈએ દ્વિતીય નંબર મેળવી રૂ. ૩૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ છે.

શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળા અને ગાંધીનગરનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીને શાળાનાં આચાર્યા નીવાબેન પટેલ, સ્ટાફ પરીવારે અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

### આરાધના ભટ્ટ લિખિત પુસ્તકોનું વિમોચન કરાયું

નવભારત સાહિત્ય મંદિર દ્વારા આરાધના ભટ્ટ દ્વારા લિખિત પુસ્તકો ‘સુરીલા સંવાદ-૨’ અને ‘પ્રવાસિની’નું આજે પદ્મભૂષણ ડૉ. ઈલાબેન ભટ્ટ તથા દીપક દોશીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ વિમોચન કાર્યક્રમ અમદાવાદના ઉસ્માનપુરા ખાતે આવેલ હીરાલાલ ભગવતી સભાગૃહમાં સાંજે ૬.૦૦ વાગ્યાથી યોજાયો હતો.

આ વિમોચન સમારંભમાં નવભારત સાહિત્ય મંદિરના મહેન્દ્ર શાહ અને જાણીતા કટાર લેખક પદ્મશ્રી કુમારપાળ દેસાઈ સહિત આરાધના ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમર ભટ્ટે કાવ્યગાન પ્રસ્તુત કર્યું હતું. આ કાર્યક્રમના સંવાહક નિસર્ગ આહિર હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

### હરિની દૃષ્ટિ...




સ્વર્ગમાંથી સમાચાર છે... સોફ્ટવેરની ખામીને કારણે ચોમાસુ ચાલુ થયું છે... પરંતુ હવે, અપગ્રેડ કર્યા બાદ ફરીથી શિયાળો ચાલુ કરવામાં આવશે...!

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં સંસ્થાપકની પુણ્યતિથિએ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે. ૭માં આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં સંસ્થાના સ્થાપક સ્વ. જીવણાઈ ચૌધરીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિજેતા બનનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના સભ્ય પ્રતાપભાઈ ચૌધરી મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધો. ૧૦ અને ધો. ૧૨માં શાળામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. ધો. ૧૦માં ૮૬ ટકા સાથે પ્રથમ ક્રમે મોતી પીરાભાઈ ડાભી, દ્વિતીય ક્રમે ૮૩ ટકા સાથે ભાર્ગવ આર. પટેલ અને તૃતીય ક્રમે ૮૩ ટકા સાથે રજત પી. નાયકને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધો. ૧૨માં ૮૪ ટકા સાથે વિધિ વાય.જોષી પ્રથમ ક્રમે, ૮૨ ટકા સાથે હિના એસ. પટેલ દ્વિતિય ક્રમે અને ૮૧ ટકા સાથે નિરમા એસ. પરમાર અને રાજલબા વાય. રાણાને તૃતીયક્રમે ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળામાંથી રાષ્ટ્રીય અને રાજય કક્ષાએ રમનાર ખેલાડીઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ મણીભાઈ ચૌધરી, ડાયરેક્ટર પંચાલ સાહેબ અને આચાર્યા પ્રવિણાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અરૂણાબેન ચૌધરીએ કર્યું હતું.

### સ્વાતંત્ર્ય સેનાની અબ્બાસ તૈયબજીના તૈલચિત્રને પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં વિધાનસભા બિલ્ડીંગમાં રાષ્ટ્રના મહાનુભાવ અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો મુકવામાં આવેલા છે. તા. ૧લી ફેબ્રુઆરીએ સ્વાતંત્ર્ય સેનાની અબ્બાસ તૈયબજીના ૧૬૨માં જન્મ દિવસે સવારે ૧૧ વાગે વિધાનસભા બિલ્ડીંગના પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને અધ્યક્ષ ગણપત વસાવા પુષ્પાંજલિ અર્પણ કરશે.

# સંસ્કાર વગરની સંપતિ અને વિવેક વગરનો વૈભવ જીંદગીમાં ક્યારેક સુખ આપી શકતા નથી

**સમાજ ચિંતન**
**પોપટલાલ પ્રજાપતિ**

ગામડાની મણિથી લઇ મલ્ટીનેશનલ કંપનીની મોનિકા સુધીની પ્રત્યેક નારીની એક ઝંખના હોય છે. સુખી દાંપત્યજીવનની. એને એવો પતિ મળે જે એની આંગળીના ઇશારે જીંદગીની તમામ સુખો એને આપી શકે. પોતાની અપેક્ષાઓ પૂર્ણ કરી શકે. પણ આ માટે સુખ માટેની દરેકની વ્યાખ્યા અલગ અલગ હોય છે. કેટલીક યુવતિઓ જીવનસાથીની પસંદગીમાં રૂપને પ્રાધાન્ય આપે છે, કેટલીક બુદ્ધિમતા અને શિક્ષણને તો કોઇ ફક્ત વૈભવને. વૈભવ અને સમૃદ્ધિ મળતી હોય તો બીજી બાબતોને તે ગૌણ માને છે. એમાં ઘણી બધી બાંધછોડ પણ કરી લે છે. કેવળ વૈભવને મહત્ત્વ આપનાર અથવા ગમતું સુખ મેળવવા કરાતી બાંધછોડ ક્યારેક જીવનને કલેશમય બનાવી દે છે. પણ છતાં પ્રેમ એટલે પ્રેમ, જયારે પ્રેમ છલકાવા માંડે પછી કોઇ રીતરીવાજ કે મર્યાદાના ઢાંકણાથી તે ઢંકાતો નથી. તાજેતરમાં મણિપુરમાં ૨૪ વર્ષની એક નર્સે ૭૭ વર્ષના રાજયમંત્રી સાથે લવમેરેજ કર્યા. ટીવી પત્રકાર રેહામ ખાને તેનાથી ૨૦ વર્ષ મોટા ઇમરાનખાન સાથે મેરેસજ કર્યા. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને તેમનાથી અડધી ઉંમરની રશિયન એથલેટ સાથે લગ્ન કર્યા હતા. ખેર પ્રેમીઓની દુનિયા અલાયદી જ હોય છે. દરેકની પ્રેમની વ્યાખ્યા અલગ અલગ હોઇ શકે, પણ સમાજ આ બાબતમાં હવે ઉદાર બનતો જાય છે. પણ ક્યારેક લાગણીના આવેશમાં લેવાયેલો નિર્ણય પોતાની જીંદગી સામે પ્રશ્નાર્થ ખડો કરે ત્યારે તેમને માટે આગળ ખાઇ અને પાછળ કુવા સિવાય કોઇ માર્ગ રહેતો નથી.

એક ગરીબ પરિવારની કન્યા જેના માતા પિતા બચપણમાં ગુજરી જતાં દાદા-દાદીના સહારે મોટી થયેલી. પરિવાર ગરીબ પણ યુવતી એટલી સુંદર કે તેને જોઇ સૌ એમ જ કહેતાં કે આ છોકરી જાણે રાજવી ઘરાનાની રાજકુંવરી હોય તેવું તેનું રૂપ લાવણ્ય છે. આ રાંકનું રતન ક્યાંક ઉકરડે જશે તો બિચારીની જીંદગી રોળાઇ જશે. આ દિકરી માંડ ગ્રેજ્યુએટ થઇ, પોસ્ટ ગ્રેજ્યુએટ પણ થઇ. તે ભલે ગરીબ હતી પણ ચીંથરે વીંટ્યા રતન જેવી હતી. ગમે તેવા કપડામાં પણ તે શોભી ઊઠતી. યુવતીને પણ હવે લાગવા માંડ્યુ કે બચપણ ભલે ગરીબાઇમાં વિત્યુ પણ પતિ એવો શોધીશ કે જે તને ગાડીમાં ફેરવે, પ્લેનની મુસાફરી કરાવે, યુવાન ભણેલું ઓછું હશે તો ચાલશે દેખાવમાં સામાન્ય હશે તો પણ ચલાવી લઇશ પણ તે ગર્ભશ્રીમંત હોવો જોઇએ.

સમાજમાં શ્રીમંતના નઠારા નબીરાઓને ગરીબ પણ રૂપાળી કન્યાઓને પોતાની જાળમાં ફસાવવામાં કોઇ તકલીફ પડતી નથી હોતી. આ યુવતીએ પણ એક ગર્ભશ્રીમંત પરિવારના દીકરાને તેના મોહપાશમાં જકડી લીધો. યુવકને તેના સમાજમાં કન્યા મેળવવી મુશ્કેલ હતી, પણ પરજ્ઞાતિની અત્યંત રૂપાળી પુત્રવધુ મળતી હોય તો તેના માતાપિતાને કોઇ વાંધો ન હતો. તેની ગરીબાઇ ક્યાં આડે આવવાની છે, તેમ સમજી યુવકના પરિવારે આ કન્યા સાથે લગ્ન કરી લેવા સંમતિ આપી દીધી. એક દિવસ યુવકે યુવતીને પ્રપોઝ કર્યું. યુવતીએ જાણે પોતાની મંઝીલ મળી ગઇ તેને થયું જિંદગીમાં બધા સુખ મળતા હોય તો પતિ કદરૂપો હોય તેનાથી શો ફેર પડે ? ગરીબાઇના ખપ્પરમાં હોમાવું તેના કરતાં સમૃદ્ધિની ટોચ પર રહેવામાં મજા છે. હવે તેને પતિની કુરૂપતામાં પણ સુંદરતા દેખાવા લાગી. માટે જ પ્રેમ આંધળો કહેવાય છે, પોતાના પ્રિય વ્યક્તિ ગમે તેવી હોય છતાં એકદમ પરફેક્ટ લાગે છે. જીંદગીમાં બધું આપણને ગમતું જ મળે તેવું ક્યાં જરૂરી છે? તેણે વિચાર્યું કે ઝૂંપડપટ્ટીમાં તેને લારી ખેંચનારો કે મજુરી કરનાર શ્રમજીવી સિવાય સારો પતિ ક્યાં મળવાનો હતો?

બસ, પતિ તો યુવતીએ સ્વપ્નોની દુનિયામાં વિહરવા માંડ્યુ. દેશ વિદેશમાં અને એરોપ્લેનમાં ફરવાના વિચારો આવવા લાગ્યા. હવે તે ગરીબાઇને કાયમ માટે અલવિદા કરવાની હતી. તેના આનંદનો પાર ન હતો, શ્રીમંતાઇને ઝાંખપ ન લાગે તે માટે યુવક કોર્ટમાં મેરેક કર્યા, પણ રીસેપ્શન એવું શાનદાર રીતે કર્યું કે સૌ કોઇ દંગ રહી જાય, છતાં પતિ પત્નીને જોઇ કોઇકે ટકોર પણ કરી કે સિસમના લાકડામાંથી કોતરાયેલી કોઇ મૂર્તિ સ્વર્ગની અપ્સરા સાથે ગોઠવાઇ હોય તેવું લાગે છે. યુવક અત્યંત ખુશ હતો કારણ કે તેને સુંદર પત્ની મળી હતી અને યુવતી એટલા માટે ખુશ હતી કે ઝૂંપડપટ્ટીમાંથી તે સીધી મહેલમાં આવી ગઇ હતી. બંને હનીમુન કરવા ઓસ્ટ્રેલિયા ગયા. મોંઘી હોટેલો અને એરોપ્લેનની મુસાફરીથી યુવતીને પોતાનું જીવન ધન્ય બની ગયું હોય તેમ લાગ્યું.

લગ્નજીવનની શરૂઆતમાં સ્વર્ગલોકના સ્વપ્ન જોતી યુવતીના દાંપત્યજીવનના બીજા અધ્યાયનો હવે પ્રારંભ થયો. લગ્નજીવનના એક જ મહિનામાં સાસુની ચણભણ શરૂ થઇ. ગામડાની ગમાર અને ઝૂંપડપટ્ટીમાં ઉછરેલી કન્યામાં સંસ્કાર કેવા હોય? ના મેણાં ટોણાં શરૂ થયાં. સાસુ-વહુના સંબંધોમાં ગરબડો એ તો વર્ષો જૂની પ્રણાલિ છે તેમાં કોઇક પરીવાર જ બાકાત રહી શકે છે. યુવતીની ખરી તકલીફ હવે શરૂ થઇ. તેના પતિને રાત પડે ડ્રિંક્સ લેવાની આદત હતી. ડ્રિંક્સ લીધા પછી ક્યારેક બેફામ બની ગાળાગાળી કરતો કે ક્યારેક હાથ પણ ઉપડી જતો. યુવતીએ તેને સમજાવવા ઘણી કોશિશ કરી પણ વ્યર્થ. તે પણ હવે મહેણાં મારતો ‘ઝૂંપડપટ્ટીમાં જેણે જીંદગી ગુજારી હોય એને સમૃદ્ધિના મોજશોખની શું ખબર પડે?’ યુવતી પણ વિચારવા લાગી અમારા સમાજમાં દારૂડિયા પતિની ક્યાં ખોટ હતી? વળી કોલેજમાં ભણતાં એક મધ્યમ વર્ગીય પણ પ્રેમાળ યુવત સાથે તેને અફેર હતો. તે યુવક તેને ખુબ ચાહતો હતો તેની સાથે લગ્ન કરવા પણ તૈયાર હતો પણ યુવતીને ગાડીમાં ફરવાના અભરખા હતા... પણ જીંદગીની બીજી બાજુ હવે તે હારી ચૂકી હતી...

સંસ્કાર વિનાની સંપતિ અને વિવેક વગરનો વૈભવ જીંદગીને ક્યારેક સુખ આપી શકે નહીં. હવે તો પતિ તેની સાથે ગાડી લઇને ફરવા પણ આવતો નહીં. હવે મોટા બંગલાની દિવાલો તેને કેદખાના જેવી લાગવા માંડી. હવે તેને જીંદગીનું સત્ય સમજાયું કે મોટી મહેલાતોમાં સુખ શોધવું પડે છે. જીવનસાથીની પસંદગીમાં ક્યારેક લાગણીથી દોરવાઇ ન જવાય. આશા કે અપેક્ષા સાથે બંધાયેલ સંબંધો છેવટે ધિક્કારમાં જ પરિણમે છે. વાસ્તવિકતાની ધરતી પર પગ મૂકીને ચાલવામાં જ મજા છે. લગ્ન ફક્ત મોજમજા માટે કે હવાઇ કિલ્લા બાંધવા માટે કરાતા નથી, જીવનના કપરા સંજોગોમાં જે તમારે પડખે ઊભા રહી સાથ આપી શકે, તમને હૂંફ આપે એ જ આદર્શ પતિ, પછી તે મધ્યમ વર્ગનો હોય કે ગર્ભશ્રીમંત કોઇ ફેર પડતો નથી. અને આ યુવતીએ પતિથી છૂટા પડવાનો નિર્ણય કર્યો...

સેન્ડલની પસંદગીમાંય ચીવટ રાખતી યુવતીઓ પતિની પસંદગીમાં કેમ ઉતાવળી થઇ જાય છે? અને ઉતાવળ કરી જ નાખ્યા પછી અમીબાની જેમ જીવન ગુજારવાનું કેમ શીખી લેતી નથી?